॥ अर्हं नम : ॥

# વરસીદાન

(પ્રભુના વરસીદાનની રોચક માહિતિઓ નું વર્ણન)



प.पू.युगप्रधानाचार्यसम पं.श्री चन्द्रशेखर वि म.सा

# VARSHIDAAN

(REALITY REGARDING THE VARSHIDAAN OF TIRTHANKARS BASED ON UPDESH-PRASAD GRANTH)

## ||DIVINE BLESSING||

SIDDHANTA MAHODADHI GA. PUJYA ACHARYA SHREE PREMSURISHWARJI M.S
NYAYAVISHARAD GA. PUJYA ACHARYA SHREE BHUVANBHANU SURISHWARJI M.S
SIDDHANTA DIWAKARA GA. PUJYA ACHARYA SHREE JAYGHOSH SURISHWARJI M.S
SHASHAN PRABHAVAKA, YUGPRADHANA -
ACHARYASAM PUJYA PANNYAS SHREE CHANDRASHEKARVIJAYJI M.S

## ||NISHRA DAATA||

SARALSVABHAVI GA. PUJYA ACHARYA SHREE RAJENDRASURISHWARJI M.S
SARALSVABHAVI PUJYA ACHARYA SHREE HANSKIRTI SURISHWARJI M.S

## ||VARSHIDAAN PREACHER||

MY GUIDE GURUDEV PUJYA MUNI SHREE GUNHANSVIJAYJI M.S

## ||VARSHIDAAN ||

WRITTEN IN GUJARATI BY MUNI SHEELGUN VIJAY 2022

FIRST GUJARATI EDITION - 2500,2ND AUGUST 2022
FIRST HINDI EDITION : 2500, 31ST JULY,2022
PRICE : ₹ 20
© MUNI SHEELGUN VIJAYJI,2022

*All rights are reserved. No part of this publication may be reproduced,stored in a retrieval system, or transmitted in any form or by any means, electronic, mechanical, photocopy-ing, recording, eBook or otherwise, without the prior written permission of the author.*

LIVE CONTACTS

MUMBAI : HITESHBHAI GALA
98790 18318

SURAT : ASHISHBHAI MEHTA
93745 12259

CHENNAI : LAKSHYABHAI SHAH
81488 36505

AHMEDABAD : DIPESHBHAI DIXIT
94286 08279

RAJKOT : PRITESHBHAI SHAH
98790 18318

DESIGNED BY:- & PRINTED BY:-
DHARAMVEER : 91763 64790 — SRI VARAHI OFFSET PRINTERS

NOTE : WE SPECIALLY THANK RAKESHBHAI SHAH CHENNAI FOR SHARING THE TITLE PHOTO FROM HIS SACRED CREATION

# *प्रस्तावना*

अर्हं नमः

તેનાલીમાં મારા શિષ્યો મને વર્ધમાનની અનેક બાબતો એક પછી એક બતાવી રહ્યા હતા અને મને આશ્ચર્ય થતું હતું કે 'આ બધું તો મને ખબર જ નથી... આ લોકો ક્યાંથી લાવ્યા?'

તેઓ કહે શીલગુપ્ત મ. પાસે ઉપદેશપ્રાસાદ ગ્રન્થ વાંચતા હતા, એમાં આ બધું જાણવા મળ્યું.

મેં તરત શીલગુપ્ત મ.ને પ્રેરણા કરી કે 'તમે આના ઉપર નાનું પુસ્તક લખી દો.. બધાને ઉપયોગી થશે.'

અને તૈયાર થઈ ગયું પુસ્તક!

પ્રભુની ગજબકોટિની ઉદારતા, ઔચિત્યતા વગેરેના આમાં સ્પષ્ટ દર્શન થાય છે.

સૌ વાંચો, ભણો, સમજો, સમજાવો. 'પ્રભુના સાથે આપણને પણ વર્ધમાન લેવાનો મોકો મળે.' એમ વિચારો, આપણે ખુદ વર્ધમાન આપનારા બનીએ એવી ભાવના ભાવો.

ગુણહંસવિજય

# INDEX

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 1 | \|\| A \|\| उत्थान \|\| | 6 |
| 2 | \|\| પ્રશ્નો પછી \|\| | 8 |
| 3 | \|\|B \|\| **Start** કરતા પહેલાં \|\| | 9 |
| 4 | \|\| પૂર્વભૂમિએ \|\| | 9 |
| 5 | \|\| C \|\| વરસીદાન પહેલાં \|\| | 10 |
| 6 | \|\| લોકાન્તિક દેવો શું કરે? \|\| | 10 |
| 7 | \|\| D \|\| On Questions \|\| | 11 |
| 8 | **Q-1.** વરસીદાન *WHY*? | 11 |
| 9 | **Q.2.** શું પાંચ કલ્યાણકો સિવાય ઇન્દ્રનું સિંહાસન કમ્પે? | 14 |
| 10 | **Q.3.** સોનામહોર કેવી હોય? | 14 |
| 11 | **Q.4.** સોનામહોર પર છાપ શેની હોય? | 15 |
| 12 | **Q.5.** કુબેરદેવ ક્યારે સોનામહોર ભરે? | 17 |
| 13 | **Q.6.** પ્રભુના દાનની **Speciality** શું? | 18 |

| | | |
|---|---|---|
| 14 | Speciality-1 - | 18 |
| 15 | Speciality-2 - | 19 |
| 16 | Role 1 - | 19 |
| 17 | Q.7. કોને કેટલું મળે? શું ભાગ્ય કામ કરે? | 20 |
| 18 | Role 2 - | 20 |
| 19 | Speciality-3 - | 21 |
| 20 | Speciality-4 - | 22 |
| 21 | Speciality-5 - | 22 |
| 22 | Speciality-6 - | 23 |
| 23 | Q.8. બધું દેવો કરે, તો પ્રભુના પિતા શું કરે? | 24 |
| 24 | Q. 9. પ્રભુના દાનનો પ્રભાવ (Power) શું? | 26 |
| 25 | Power-1- | 26 |
| 26 | Power-2- | 27 |
| 27 | Power-3- | 27 |
| 28 | (G) Mahaveer V/s Gautam Buddha | 28 |
| 29 | (H) At last | 31 |
| 30 | પરિશિષ્ટ-૧ – Current Amount of વરસીદાન | 32 |
| 31 | પરિશિષ્ટ-૨ – ઉપદેશપ્રાસાદ – આધાર-ટીકા | 34 |

|| अर्हं नमः ||
|| नमोऽस्तु तस्मै जिनशासनाय ||
|| प्रभु नुं वरसीदान ||

## || A || उत्थान ||

પર્યુષણના દિવસો ચાલી રહ્યાં હતાં. આજે ૬ઠો દિવસ હતો.

પ્રભાવક મહાત્મા પ્રભુની દીક્ષાના પ્રસંગને કરુણાર્દ્ર વાણીથી લોકોમાં પ્રસ્તુત કરી વ્યાખ્યાન પૂર્ણ થતાં પોતાના ભીના થયેલા કપડાને બદલી રહ્યાં હતાં.

એક **17-18** વરસનો યુવાન આ કપડા બદલવાની પ્રક્રિયા શાંતતાથી જોઈ રહ્યો હતો. નવો કપડો પહેરી પ્રભાવક મહાત્મા બહાર આવ્યા અને પોતાના આસન પર બેઠા.

ઊભાં રહેલા યુવાનને જોઈને અને એના મોઢાં પર જિજ્ઞાસાભાવ જોઈને મહાત્માએ યુવાનને પોતાની પાસે આવવાનો ઇશારો (બોલી-બોલીને થાકી ગયા હોવા છતાં) કર્યો.

યુવાન પાસે આવ્યો અને વગર કોઈ ***FORMALITY*** કરે એમ જ બેસી ગયો. મહાત્મા ને ખ્યાલ આવી ગયો કે કાં તો આ નાસ્તિક છે, કાં તો ન્યૂ જનરેશનનો છે.

અનૌચિત્યને ગળી જઈ મહાત્માએ સુરૂપ યુવાનને ટુંકો પ્રશ્ન પૂછ્યો, "બોલો...?'

"મ.સા. ! આજે આપે જે પ્રભુના વરસીદાનનું **Explanation** કર્યું, એ વિશે મારે કંઈક પૂછવું છે..." **Explanation** શબ્દના ઉચ્ચારણને સાંભળીને મહાત્માને ખ્યાલ આવી ગયો કે આ યુવાન **Well-educated** હતો, પણ કદાચ વ્યાખ્યાનમાં વધારે આવતો નહોતો.

“હા પૂછી શકો..." મહાત્માએ જિજ્ઞાસા વ્યક્ત કરનાર ભણેલા-ગણેલા યુવાનને કહ્યું.. "સૌથી પહેલા તો મારા ઘણાં બધાં પ્રશ્નોમાંથી એક પ્રશ્ન એ છે કે જે મહાવીર સ્વામીની આખા સંસારને છોડીને, ધનને છોડીને દીક્ષા લેવાના છે, એ શા માટે પૈસા આપીને બીજા લોકોના સંસારને વધારે છે?" ગુસ્સો આવી જાય એવા પ્રભુ પરના આરોપને સાંભળી મહાત્મા શાંત જ રહ્યા. એમના મોઢાં પર ગુસ્સાની

એક છાંટ પણ દેખાઈ નહીં. એ મહાત્મા **New-Generation** ના તાર્કિક મગજને અને જિજ્ઞાસાપૂર્ણ મગજને સમજતા હતા. ભાવના ખરાબ ન હોવા છતાં ભાવનાને અભિવ્યક્ત કરનારા શબ્દોમાં ઔચિત્ય વગરની સ્પષ્ટતા એ નવા જનરેશનનું પ્રસિદ્ધ લક્ષણ મહાત્મા જાણતાં હતાં.

"બીજું, પ્રભુ શા માટે ***LIMITED*** દાન જ આપે છે, દરરોજના એક કરોડ આઠ લાખનું દાન જ શા માટે? હાલમાં આવેલી ગૌતમબુદ્ધ પરની ***WEBSERIES*** માં તો એવું બતાવવામાં આવ્યું છે કે ગૌતમ બુદ્ધે તો પોતાનો આખો ભંડાર જ ખોલી દીધો હતો અને જેને જેટલું જોઈએ, એટલું એને લઈ જવાની છુટ હતી... તો પ્રભુ મહાવીરે આ કેમ ન કર્યું?"

યુવાન અસ્ખલિત ધારામાં બોલતો રહ્યો.

"ત્રીજું, દરેક વ્યક્તિનું પુણ્ય અલગ-અલગ હોય, એ વાત તો આપણને આપના ***WORLD*** માં પણ દેખાય છે. તો ત્યારે જે વ્યક્તિઓ દાન લેવા આવતાં એમના પણ પુણ્યો અલગ-અલગ હોય, તો કોને કેટલું મળે એ શું પ્રભુ નક્કી કરે? પ્રભુ ત્યારે ગણવા તો ન જ બેસે ને?" મહાત્મા શાંત આક્રમકતાપૂર્ણ વાણીને સાંભળ-તા રહ્યાં.

"ચોથું..." ૧૫ મિનિટ સુધી યુવાન વરસીદાન સંબંધી અલગ-અલગ પ્રશ્ન પૂછતો જ રહ્યો અને ધીમે ધીમે એનો અવાજ વધતો ગયો. અવાજ વધતાં બેનોમાંથી એક બહેન આગળ આવ્યા અને યુવાનને ઠપકાના ભાવે **'SPEAK SLOWLY...'** ની સૂચના આપી.

"આ મારો દીકરો અમેરિકાથી આવ્યો છે અને એનું ઘડતર પણ અમે-રિકન કલ્ચરમાં જ થયું છે. એટલે એને સાધુ મ.સા. સાથે કેવી રીતે વાત કરવી એની ગતાગમ નથી. આણે કંઈપણ ઉંધુ-ચત્તુ કહ્યું હોય, તો મ.સા. આને ક્ષમા કરજો...." બેનની વાત સાંભળી મહાત્માના મુખ પર આછું સ્મિત આવ્યું.

"ના... તમે એનું ટેન્શન નહીં લેતા... આ તો સારું થયું કે આ યુવાન જિજ્ઞાસા વ્યક્ત તો કરે છે. બાકી કેટલાય યુવાનોના પ્રશ્નો જવાબ વગરના રહી જવાથી એ યુવાનોની શ્રદ્ધા જૈનધર્મ પરથી ઉડી જાય છે..." બહેનને પ્રભાવક મહાત્માએ કહ્યું,

"અને, યુવાન ! તમે કાલે વ્યાખ્યાન પછી મને મળજો. તમારા પ્રશ્નોના જવાબ (આન્સર) આપવા માટે મારે થોડોક સમય જોઈશે." મોઢાં પર આછી સ્મા-ઈલ લાવીને અમેરિકન યુવાન ઉઠીને પોતાની મમ્મી સાથે ઉપાશ્રયની બહાર નીકળ્યો.

મહાત્મા એને જતાં જોતાં રહ્યાં. એણે જે પ્રશ્નો કરેલા, એના ઉત્તર મહા-ત્મા એ પોતે પણ ક્યારેય વાંચેલા - વિચારેલા નહીં.

## || પ્રશ્નો પછી ||

**આચારાંગ, ઉત્તરાધ્યયન, કલ્પસૂત્ર, સમવાયાંગ બધાં** આગમો પ્રભાવક મહાત્માએ જોઈ લીધા – દીક્ષા સમારોહનું વર્ણન બધે મળી આવ્યું, પણ વરસીદાન સંબંધી યુવાને પૂછેલા પ્રશ્નોના જવાબ મહાત્માને મળ્યા ન હોતા.

"મ.સા. !" મહાત્માએ પોતાના શિષ્યને બુમ પાડી. વિનીતભાવે શિષ્ય આવીને ઉભો રહ્યો. ""જી..." એક જ શબ્દ શિષ્યના મોઢાંથી નીકળ્યો.

"તું અત્યારે ઘણાં પ્રકીર્ણક ગ્રન્થો વાંચી રહ્યો છે... કોઈ પણ જગ્યાએ તને વરસીદાન સંબંધી વર્ણન આવ્યું છે..." મહાત્માએ શિષ્યના મોઢાં સામે જોયું. આર્યતાનું તેજ એના મોઢા પર સંયમના તેજ સાથે મળીને ઝગારા મારી રહ્યું હતું.

"જી! સાહેબ! મને **ઉપદેશપ્રાસાદમાં** અને **અષ્ટકપ્રકરણમાં** દીક્ષાના પૂર્વે થતાં વરસીદાન સંબંધી વર્ણન આવ્યું છે. આપ કહેતાં હો, તો ગ્રન્થાગારમાંથી આપને હું શોધીને આપું..." પોતાની લઘુતા બતાવતાં શિષ્યે કહ્યું.

"હા... જો તને પુસ્તક મળી જાય, તો મને બહુ રાહત થશે." તરત જ ગુરુ મ.સા.ના ભાવો જાણી શિષ્ય પુસ્તક શોધવા નીકળી ગયો.

**5** મિનિટ પછી ફરી આવી શિષ્યે બન્ને પુસ્તકો ગુરુ મ.સા.ના પાઠ પર પાનાં ખોલીને મૂક્યાં. પ્રભુના વરસીદાનનું અદ્ભુત વર્ણન વાંચી પ્રભાવક મહાત્માના મોઢેથી "અહો શ્રુતમ્ ! અહો માહાત્મ્યં!' ના ઉદ્ગાર નીકળ્યા, બીજા દિવસના પ્રશ્નોત્તરીની તૈયારી મહાત્માએ કરી લીધી. જ્યારે મહાત્માએ પુસ્તક બંધ કર્યું, ત્યારે મહાત્માને વિશ્વાસ હતો કે એ અમેરિકનને ઇન્ડિયન બનાવી શકશે.



## ||B || Start કરતા પહેલાં ||

આગળના બે પ્રસંગો લખવા પાછળનો મારો આશય એટલો જ છે કે અમુક વર્ણન અવું હોય છે કે તેના વિશે હૃદયના કોઈક ઓરડામાં આપણને બધાને તીવ્ર જિજ્ઞાસા હોય છે. ક્યારેક કોઈકના પૂછવાથી જિજ્ઞાસા પ્રગટી હોય અથવા તો ક્યારેક વિચારોનું પરિશિલન કરતાં જિજ્ઞાસા પ્રગટી હોય.

પણ, શાસ્ત્રીય દૃષ્ટિએ એનું સમાધાન ન મળતાં આપણી જિજ્ઞાસા મરી પરવારે છે અને આપણે શોધતાં શોધતાં ઘણીવાર થાકી પણ જઈએ છીએ.

આજે જે વિષય હું આલેખવા ચાહું છું, એની જિજ્ઞાસા હાલમાં જ **"પ્રભુનું વરસીદાન કેવું?"** એના સંબંધી દીક્ષા માટે નાટકની તૈયારીઓ વખતે અમને થયેલી. એનું વર્ણન એક મહાત્માએ **"ઉપદેશ-પ્રાસાદ"** ગ્રન્થમાં વાંચેલું હતું, એમણે અમને એ વરસીદાનની વાતો સ્મરણ કરાવી. એ વાતો વાંચતા પ્રભુના અતિશયો પર અને એમની **"સવિ જીવ કરું શાસનરસી..."** ની ભાવના પર મન ઓવારી ગયું અને એકદમ સચોટ નિરુપણ કે જે ઉપદેશક મહાત્માઓ અને પ્રભુના ચાહક મહાત્મા અને શ્રાવક-શ્રાવિકાગણ માટે બહુ ઉપયોગી છે, એ હું અહીં પેશ કરું છું. ઉપદેશ-પ્રાસાદ ગ્રન્થમાં ૨૦૦માં વ્યાખ્યાનમાં આપેલું આ નિરુપણ ખાસ બધાએ સમ્યગ્દર્શનની વિશુદ્ધતા માટે વાંચવા જેવું છે.



## || પૂર્વભૂમિએ ||

બીજા દિવસે અમેરિકન યુવાન જિજ્ઞાસાપૂર્વક વ્યાખ્યાનમાં આવ્યો. મહાત્મા-ના વ્યાખ્યાન પછી પોતાના આન્સર્સને લેવા માટે પહેલા દિવસની જેમ એ મહાત્મા પાસે આવીને બેઠો અને મહાત્માએ એક અમેરિકન કલ્ચરના યુવાનને ઈન્ડિયન કલ્ચરની ઉન્નતતાની કથા સ્ટાર્ટ કરી.

## || C || વરસીદાન પહેલાં ||

ત્રણ જ્ઞાનથી સંયુક્ત પ્રભુ બાલપણમાં પણ અબાલ હોય છે. યૌવનમાં બહારથી પ્રભુ સાંસારિક જવાબદારીઓ અને ઔચિત્યાનુસારે રાગ બતાવે ખરા, પણ અંદરથી તો પ્રભુ ચક્રવર્તી બનવા છતાં, પણ આસક્ત થતાં નથી. અંદરથી નીરાગી જ હોય છે. ઉપદેશ પ્રાસાદમાં શ્લોક લખેલો છે, કે જે આ જ વાતનું સૂચન કરે છે.

**बहीरागं दर्शयन्तोऽप्यन्तः शुद्धाः प्रवालवत् ।**
**प्राप्तेऽपि चक्रभृद्राज्ये, न व्यासक्ता भवन्ति ते ।।**

પ્રભુને વરસીદાન વખતે કઈપણ છોડવું નથી પડતું, કેમકે પ્રભુએ પહેલાથી જ મનના સ્તરે બધું છોડી જ દીધું હોય છે.

## || લોકાન્તિક દેવો શું કરે? ||

પ્રભુ જ્ઞાનથી પોતાના દીક્ષાના કાળને જાણતાં જ હોય છે. જ્યારે પ્રભુની દીક્ષાને એક વરસ બાકી હોય, ત્યારે લોકાન્તિક દેવો (પમાં દેવલોકના દેવો) પ્રભુ પાસે આવે છે. પ્રભુને નમસ્કાર કરીને પ્રભુને તેઓ વિનંતિ કરે છે.

"હે જગદ્ગુરુ ! ત્રણ લોકના ઉપકાર માટે આપ ધર્મતીર્થનું પ્રવર્તન કરો...'

આ બીજું કઈ નહીં, પણ દેવોના આનંદ માટેની એક ફોર્મેલિટી છે. સકલ જીવોના કલ્યાણ માટેની વિનંતિ કરનાર આ દેવો હોય છે.

## || D || On Questions

પ્રભાવક મહાત્માએ આટલી વરસીદાન પહેલાંની ભૂમિકા બાંધી અને અમેરિકન યુવાનને પણ ગમતું હોય, એવું મહાત્માને લાગ્યું.

"તો હવે આપણે પ્રશ્નો પર આવીએ કે જે તમે કાલે મને પૂછેલા.." અમેરિકન યુવાને આંખોથી સમ્મતિ આપી અને પ્રભુની અજ્ઞાત વરસીદાનની ઘટનાઓ ધીમે ધીમે ખોલવાના નિશ્ચય સાથે મહાત્માએ પહેલો પ્રશ્ન ઉપા-ડ્યો.

## Q-1. વરસીદાન *WHY*?

**दानं धर्ममुखं मत्वा, दानं ददति वार्षिकम् ।।292 ।।**
**धर्मप्रभावना - बुद्धया, लोकानां चानुकम्पया ।।293।।**

શાસ્ત્રોમાં આ બે પદો લખેલા છે કે જે વરસીદાનનું કારણ બતાવી દે છે.

**(૧) દાન એ ધર્મનો સ્ટાર્ટર છે :**

અનાદિકાળથી આ દુનિયામાં લોકોને ભેગું કરવાની જ ઇચ્છા પ્રબલ હોય છે. **"મેરા તો મેરા, તેરા ભી મેરા..."**ની વૃત્તિ આજે આખા વિશ્વમાં દેખાય છે. લેવું બધાને ગમે છે, પણ દેવું કોઈને ગમતું નથી.

અને આ મેન્ટાલીટીને દરેક તીર્થંકર સારી રીતે જાણતાં હોય છે. સા-માજિક સ્તર પર રહેલી આ લેવાની આદતના ટ્રેન્ડને બદલવા માટે પ્રભુ વિશ્વો-પકારના સૌથી પહેલા સ્ટેપરૂપે દાન આપે છે. જ્યાં સુધી વ્યક્તિ પોતાના સિવાય બીજાનું અસ્તિત્વ ન માને, ત્યાં સુધી એ વ્યક્તિ સ્વાર્થી જ રહે છે અને સ્વાર્થી વ્યક્તિઓં લગભગ ધર્મ કરી શકતા નથી.

એટલે જ બહારથી કદાચ એવો પ્રશ્ન થાય કે "પ્રભુ કેમ લોકોને પૈસા આપીને ડૂબાડે છે?' પણ એના પાછળ કારણ સ્પષ્ટ છે કે "લેનારાના મનમાં આ વસ્તુ પ્રસ્થાપિત થાય કે "જે હું લઉં છું, એ એક દિવસ મારે આપવાનું છે. જો આટલી મોટી વ્યક્તિ, રાજકુમાર, ચક્રવર્તી આ ધનને તુચ્છ માનીને છોડે છે, તો મારે પણ સે એક દિવસ છોડવાનો છે.'

પ્રભુ **'for better good'** આ ધન લોકોને આપે છે. ધર્મનું સ્ટાર્ટીંગ દાનથી છે એ વસ્તુ પ્રસ્થાપિત કરવા માટે પ્રભુની આ ચેષ્ટા હોય છે.

**(૨) ધનથી ધર્મની પ્રભાવના :**

જ્યારે પ્રભુના વરસીદાનની ઉદ્ઘોષણા થાય, ત્યારે દૂર-સુદૂરથી લોકો દાન લેવા માટે આવે. એ લોકો જ્યારે દાન આપનાર ભગવાનની સમૃદ્ધિ જુએ, તો એ લોકોના મનમાં ચાલતી ઘણી બધી ગલતફહેમીઓ દૂર થઈ જાય.

ઘણાં બધાં લોકોના મનમાં દીક્ષા લેનારા વ્યક્તિઓ પ્રત્યે આવો ભાવ હોય છે કે.

→ આ દીક્ષા લેનારા **well-educated** નથી...

→ આ દીક્ષા લેનારા બહુ ગરીબ છે...

→ આ દીક્ષા લેનારાને છોકરી નહીં મળતી હોય...

→ આ દીક્ષા લેનારાને ધંધો કરતા નહીં આવડતો હોય...

→ આ દીક્ષા લેનારાને પરિવારનો ***SUPPORT*** નહીં હોય...

પણ, આ બધું લોકોના મનમાંથી સાફ થઈ જાય છે અને એમના મનમાં "આ વ્યક્તિ આટલી મહાન છે, તો આ વ્યક્તિ જે ધર્મને સ્વીકારે છે... એ કેવો મહાન હશે...' આ ભાવના વરસીદાનથી સ્થાપિત થાય.

કોઈ વ્યક્તિના જીવનમાં મનથી જૈનિજમ આવે એનાથી મોટી શાસનપ્રભાવના કઈ? અને એટલે મેન્ટાલીટીના સ્તરે ત્યાગ પ્રધાન જૈનિજમ ધર્મને બેસાડવા માટે પ્રભુ ધન દ્વારા ધર્મની પ્રભાવના કરે.

**(૩) લોકોની અનુકંપા : ધર્મ માટે દાન :**

પ્રભુની કરુણા એટલી બધી હોય છે કે પ્રભુ કોઈ પણ જીવને દુઃખી જોઈ શકતા નથી અને પ્રભુને એ પણ ખબર હોય છે કે આ દુનિયામાં સૌથી વધારે દુઃખી લોકો કોઈ કારણથી હોય, તો એ આર્થિક **Imbalance** ના કારણે છે.

પ્રભુ સામે ઘણાં બધાં લોકો એવા આવે કે જેમના ઘરે મરેલી વ્યક્તિનું મૃતક પડેલું હોય અને એને બાળવા માટે એ લોકો પાસે લાકડા ન હોય. કોઈ વ્યક્તિ એવી આવે કે જેણે **15-20** દિવસથી અન્નનો એક દાણો પણ મોઢાંમાં ન નાંખ્યો હોય.

પ્રભુનો કરુણાપૂર્ણ જીવ આ લોકોની બાહ્ય પાયમાલ દશાને જોઈ ન શકે અને એટલે પ્રભુ પોતાનું સર્વસ્વ પણ આ જીવોને આપી દે. પ્રભુને સંસારનો આ નિયમ સારી રીતે ખબર જ હોય કે "જ્યાં સુધી વ્યક્તિ ધનના લેવલે સ્ટેબલ ન થાય, ત્યાં સુધી વ્યક્તિ ધર્મના લેવલે પણ સ્ટેબલ ન થઈ શકે...' અને એટલે જ ધર્મના સિંચનના પાયા રૂપે પ્રભુએ લોકોની અનુકંપા કરી વરસીદાન આપ્યું.

જૈન ધર્મની વિશિષ્ટતા એ છે કે વ્યક્તિને જૈનધર્મ સ્વીકારવા માટે ધર્માન્તર કરવાની જરૂર નથી, પરંતુ વિચારાન્તર કરવાની જરૂરત છે. વ્યક્તિ જન્મથી જૈન નથી બનતો, પરંતુ વિચારોથી જૈન બને છે. એટલે લોકોને ધર્માન્તરણ કરવાનો **1%** પણ મલિનભાવ આજના ધનના જોરે તાગડધિન્ના કરનારા ધર્મોની જેમ પ્રભુનો નહોતો.

NO CONVERSION

## Q.2. શું પાંચ કલ્યાણકો સિવાય ઇન્દ્રનું સિંહાસન કમ્પે?

લગભગ આપણે બધાને એટલું તો ખ્યાલ હશે જ કે જ્યારે જ્યારે દુનિયામાં તીર્થંકરની જન્મ, દીક્ષા આદિ વિશિષ્ટ ઘટનાઓ થાય, ત્યારે ઇન્દ્ર મહારાજાનું સિંહાસન કમ્પાયમાન થાય છે. પાંચ કલ્યાણકના પ્રસંગોમાં તો ઇન્દ્રનું સિંહાસન કમ્પે, એ લગભગ બધાને ખબર જ છે, પણ પ્રભુ જ્યારે ૧ વરસ સુધી દાન આપવાની ભાવના પણ કરે છે, ત્યારે શક્રેન્દ્રનું સિંહાસન કમ્પે છે.

આસન કમ્પાયમાન થતાં ઇન્દ્ર મહારાજા ઉપયોગને (અવધિજ્ઞાનના) મૂકે છે અને ઇન્દ્ર ને ખબર પડે છે કે પ્રભુના વાર્ષિકદાનનો અવસર આવ્યો છે. અનાદિકાલીન ઇન્દ્રોની આ પરમ્પરા છે કે "જ્યારે પ્રભુને વરસીદાન કરવાનું હોય, ત્યારે **388** કરોડ, **80** લાખ સોનામહોરની વ્યવસ્થા ઇન્દ્રે કરવી...' અને એટલે આસનકમ્પ પછી ઇન્દ્ર પોતાના આ આચારને જાણી કુબેરને આજ્ઞા કરે અને જૃમ્ભક નામના દેવો પ્રભુના ઘરમાં ***LOGISTICS***નું કામ કરી **388,80,00,000** સોનામહોર રાખી દે.

## Q.3. સોનામહોર કેવી હોય?

પૂર્વ પરમ્પરા પ્રમાણે ૧ સોનામહોર **80** રતિ નામના માપ વડે બનેલી હોય છે. પ્રભુ દિવસમાં **1,08,00,000** (એક કરોડ, આઠ લાખ) સોનામહોરનું દાન કરે. એક દિવસનાં સોનામહોરોનું વજન **9000** મણ હોય છે અને તે કાલમાં ૪૦ મણથી એક ગાડું ભરાઈ જતું. એટલે દિવસના ૨૨૫ ગાડાનું દાન પ્રભુ કરે.

આજના માપ પ્રમાણે વિચારીએ તો...

**1** મણ = **40** કિલો... એટલે પ્રભુ દિવસના **40 x 9000 = 3,60,000** કિલો (ત્રણ લાખ, સાઈઠ હજાર કિલો) સોનાનું દાન કરે અને એટલે જ ***DIVISION*** કરતા ખબર પડે કે એક સોનામહોર ૩૩.૩૩૩ ગ્રામની હોય છે.

એક વર્ષમાં પ્રભુ **3,60,000 x 360 = 12,96,00,000** (બાર કરોડ, છન્નુ લાખ) કિલો સોનાનું દાન કરે. એટલે ફક્ત આ સોનું ગણવા જઈએ, તો આખા દેશના દેશ ખરીદી લેવાય એટલા પૈસા પ્રભુ પાસે હતા. આનો સરવાળો કેટલો થાય એનું માપ આગળ આપશું.

## Q.4. સોનામહોર પર છાપ શેની હોય?

સોનામહોરની આગળ-પાછળ પ્રભુનું નામ અને પ્રભુના પિતાનું નામ હોય છે. જો એનું ચિત્ર બનાવવામાં આવે તો કદાચ આ રીતે બને,

**Front Side**
વર્ધમાન





**Back side**
સિદ્ધાર્થ




આ તો આપણે ૨૪માં તીર્થંકરના સોનામહોર વિશે જોયું, પણ જ્યારે જે તીર્થંકર હોય, ત્યારે એમનું - એમના પિતાનું નામ સોનામહોરની આગળ-પાછળ અંકિત હોય છે. જેમ કે - ઋષભદેવ, નાભિકુલકર... નેમિનાથ, સમુદ્રવિજય ઇત્યાદિ.

એનાં સિવાય કોઈ ચિહ્ન હોય કે નહીં, એ વિશે વૃત્તિમાં કંઈપણ લખેલું નથી અને અત્યાર સુધીમાં આવા વરસીદાનનો કોઈ સિક્કો કોઈપણ મ્યુઝિયમ કે બીજે ઠેકાણે જોવામાં આવ્યો હોય, એવું મને ખ્યાલ નથી.





# Louvre Museum, Paris

## Q.5. કુબેરદેવ ક્યારે સોનામહોર ભરે?

એક સાથે આટલી બધી સોનામહોર પ્રભુના ઘરે એકસાથે ભરવામાં આવે? કે અલગ અલગ અવસરો પર કુબેર-વૈશ્રમણ દેવો સોનામહોર ભરે? એ વિશે શા-સ્ત્રમાં એવો ખુલાસો છે કે આઠ અલગ-અલગ અવસરોમાં દેવો સોનામહોરને પ્રભુના રાજકોશમાં ભરે.

એના કારણનો કોઈપણ ઉલ્લેખ તો કર્યો નથી, પણ એવું લાગે કે કદાચ કોશના માપ પ્રમાણે આ આચાર પ્રવર્તતો હશે. આપણા બધાની તિજોરી જેવી થોડીક મોટી તિજોરી પ્રભુના પિતાજીની હોય અને એટલે એમાં એકસાથે આટલી બધી સોના-મહોરો કદાચ ભરવી પોસિબલ ન પણ હોય. કાં તો બીજું કારણ એવું પણ લાગે કે કુબેર દેવો જે કોઈ ધન ભરે, એ બધું વગર માલિકીનું, દટાયેલું આદિ ધન હોય. એ ધનને ગ્રહણ કરવાના સમયમાં પણ તફાવતો કદાચ ઉદ્ભવતી હોય અને એટલે અલગ-અલગ સમયમાં મળતા ધનાનુસારે આ **8** અવસરોનો આચાર હોય. બીજું એના પાછળ મહો-રછાપનું કામ પણ આ જ દેવોનું છે. પહેલું કારણ વધારે ઉચિત લાગે છે.



## Q.6. પ્રભુના દાનની Speciality શું?

સકલ જીવના કલ્યાણની ભાવનાથી વરસીદાન કરતાં પ્રભુ વડે અપાયેલી વસ્તુ સંબંધી **6 *SPECIALITY*** આ ગ્રન્થમાં વર્ણવવામાં આવી છે. એ સ્પેશિયાલીટી વાંચીને તમને આશ્ચર્ય પણ થશે અને પ્રભુ સાથે દેવોના **Involvement** વિશે પણ ખ્યાલ આવશે.

**Speciality-1 - શક્રેન્દ્ર (પ્રથમ દેવલોક ઇન્દ્ર)**

આપણે બધાને ખબર છે કે જ્યારે સૌધર્મેન્દ્ર પ્રભુને મેરૂપર્વત પર જન્મ અભિષેક માટે લઈ ગયેલા ત્યારે પ્રભુના બલ વિશે ઇન્દ્રને શંકા થયેલી (એમની નાનકડી કાયાને જોઈને) અને એટલે "આટલો બધો પાણીનો ધોધ કેવી રીતે પ્રભુ સહન કરશે?' આવો વિચાર શક્રના મનમાં ઉદ્ભવતાં શક્રેન્દ્રની શંકાને નિરસ્ત કરવા માટે પ્રભુએ પોતાનો અંગુઠો મેરૂને લગાડેલો અને મેરૂ કંપી ઉઠેલો.

આ પ્રસંગને નિહાળ્યા પછી શક્રેન્દ્રની શંકા તો નિર નિરસ્ત થઈ જ ગયેલી, પણ "પ્રભુ અમિતબળવાળા છે..." આ પદાર્થ એમનાં જીવનમાં, એમના રોમ-રોમ-માં વસી ગયો હતો.

પણ, **"ભક્તિ કરતાં છૂટે મારા પ્રાણ..."** ની ભાવનાવાળા શક્રેન્દ્ર એક વિશિષ્ટ વસ્તુ પ્રભુના વરસીદાનના સમયે કરે છે. શક્રેન્દ્ર પ્રભુના હાથમાં વૈક્રિયલબ્ધિના પ્રભાવથી સ્થિતિ કરે છે, વસે છે. દુનિયામાં કોઈનો પણ હાથો નહીં બનનાર શક્રેન્દ્ર સ્વયં પ્રભુના હાથ સ્વરૂપે બને છે.

એનું કારણ એવું હોય કે, "શક્રેન્દ્રના મનમાં એવી ભાવના ભક્તિના કારણે આવે કે "પ્રભુના હાથ દાન (સવારથી સાંજ) આપતાં આપતાં થાકી ન જાય...' આમાં પ્રભુના બળ વિશે શક્રેન્દ્રની શંકા નથી હોતી, પરંતુ પોતાની ભક્તિ માટે આ આચાર ઇન્દ્ર આદરે.

પ્રભુના ચરણમાં રહેવામાં પણ વ્યક્તિને અતિ આનંદ આવે, તો પ્રભુને શ્રમ ન પડે એ બુદ્ધિથી પ્રભુના હાથમાં વસવામાં કેટલી કૃતાર્થતા ઇન્દ્ર અનુભવતાં હશે,

એ ખાસ વિચારણીય છે.

હકીકતમાં, પ્રભુનું સામર્થ્ય એવું અજોડ હોય છે કે અનંત ઇન્દ્રો પણ ભેગા થઈને પ્રભુના સામર્થ્યને પહોંચી ન વળે.

**Speciality-2 - ઇશાનેન્દ્ર (દ્વિતીય દેવલોક ઇન્દ્ર)**

**(A) Role 1 - Scanner**

પ્રભુના હાથેથી દાન મળતું હોય, તો કોને દાન ગ્રહણ કરવાની ઈચ્છા ન થાય? દૂર-સુદૂરથી માનવોની ભીડ પ્રભુના દાનને ગ્રહણ કરવા માટે આવતી હોય. આ બધું જોઈને પ્રભુની ભક્તિમાં તત્પર દેવોને, પ્રભુના અતિશયો પર મોહાયેલા દેવોને પણ વરસીદાન ગ્રહણ કરવાની ઈચ્છા થઈ જાય.

પણ, આખી દુનિયાને પોતાના ઇશારા પર નચાવવાની શક્તિ ધરાવનારા દેવો એક વસ્તુમાં એક ભિખારી માનવ કરતાં પણ વધારે દીન છે. વરસીદાન એ ફક્ત માનવો માટે હોય છે અને વિશિષ્ટ કારણોસર ૬૪ ઇન્દ્રો માટે હોય છે. બાકીના ઋદ્ધિવાળા કે વગર ઋદ્ધિવાળા, નિકટ મોક્ષગામી કે અનિકટમોક્ષગામી દેવોને વરસી-દાન લેવાનો અધિકાર હોતો નથી. ક્યારેક વધારે પડતાં ભાવાવેશથી અને પ્રભુના હાથે લેવાની ભાવનાથી દેવો પોતાની શક્તિનો પ્રયોગ કરી રૂપપરાવર્તન કરી ભિખારી આદિ માનવ રૂપે બની દાન લેવા માટે આવી જાય.

અહીંયાં ઇશાનેન્દ્રનો રોલ આવે છે. ઇશાનેન્દ્ર જ્યાં પ્રભુ દાન આપતાં હોય, ત્યાં જ હવામાં ઉપર ઊભાં રહે અને દાન લેનાર દરેક વ્યક્તિનું સ્કેનીંગ કરે. એમના હાથમાં સોનાની લકડી (યષ્ટિ) હોય અને એ સોનાની યષ્ટિનો વિશેષ ઉપયોગ હોય છે.

જ્યારે અલગ રૂપ કરીને દેવો દાન લેવા માટે આવે, તો ઇશાનેન્દ્ર એ દેવોને દાન ગ્રહણ કરવા માટેનો નિષેધ કરે. પોતે ઓળખાઈ જવાના ક્ષોભથી અને મનુષ્યો સામે પોતે ખુલ્લો પડી જવાની લજ્જાથી દેવ ત્યાંથી ચાલ્યો જાય.

સર્વોત્કૃષ્ટ ભાગ્ય ધરાવનારા દેવો પણ વરસીદાનના વિષયમાં નિર્ભાગી હોય છે અને પ્રભુના હસ્ત-અમૃતને ગ્રહણ કરી શકવામાં અયોગ્ય હોય છે.

# Q.7. કોને કેટલું મળે? શું ભાગ્ય કામ કરે?

**(B) Role 2 - Conveyer**

"જેણે જેટલું જોઈએ, એટલું એ વ્યક્તિને મળશે..." આવી જાહેરાતને સાંભળી લોકો પોતાના મનમાં કરોડો કરોડો સોનામહોરની અપેક્ષા લઈને આવે.

**'Greed is a breed that destroys every deed...'**

લોભ એક એવી જાતિ છે કે જે દરેક કાર્યને નષ્કરી શકે. એ વાતની પ્રતીતિ આપણને આજની દુનિયામાં થાય જ છે અને લોભ કોઈ પણ જગ્યા હોય કે કાળ હોય, પોતાના ચમકારા બતાવે જ છે. આ ઉદ્ઘોષણા સાંભળીને લોકોને પણ જાત-જાતના વિચારો આવે...

"જિંદગીભર માટે મને દરિદ્રતા ન આવે, મને કમાવવું ન પડે, એટલું હું માંગીશ..."

"મારી સાત પેઢીમાં ખુટે નહીં, એટલું હું માંગીશ..."

"મારા બાળકોને કામ ન કરવું પડે, એટલું હું માંગીશ..."

"મારી પત્ની મારાથી સંતુષ્ટ રહે, એટલું હું માંગીશ..."

"મારા બંગલા-ગાડા બની જાય, એટલું હું માંગીશ..."

પણ,

વિચારોથી જો ઇચ્છા પૂરી થતી હોય, તો કર્મનો રોલ ક્યાં આવત? ભાગ્યની વેલ્યુ શું રહેત? અને એટલે કરોડો-કરોડોની ભાવનાથી આવેલા એ લોકો જ્યારે પ્રભુની સામે આવે, ત્યારે એક વિચિત્ર ઘટના ઘટે છે.

પ્રભુને જોયા પછી કંઈપણ માંગવાની ઈચ્છા જ એ લોકોની (હળુકર્મી જીવોની) મરી પરવારે છે અને પ્રભુની સમૃદ્ધિ જોઈને કોઈપણ વ્યક્તિ અવાક રહી જાય છે. હવે કોઈ કોઈ ભારે કર્મી જીવને આવું ન પણ થાય, પણ જ્યારે એ મનમાં ઈચ્છેલી વસ્તુ બહાર બોલવા જાય, તો એ નીકળે નહીં? કેમ?

પ્રભુ તો દરેક જીવને અત્યંત સુખી બનાવવાની ઇચ્છાવાળા હોય છે, પણ

સામેવાળાના ભાગ્યમાં અત્યંત સુખી બનવાનું હોવું તો જોઈએ ને?

મૂંગા થયેલા પહેલાવાળા, અને મુખમાંથી શબ્દો જેમના સુકાઈ ગયા છે એવા બીજાવાળા ના મોઢામાંથી એમના ભાગ્ય અનુસારે શબ્દો બોલાવવાનું કાર્ય ઇશાનેન્દ્રનું છે.

જેનું ભાગ્ય સારું હોય, એના મોઢાંમાંથી " **10000** સોનામહોર' નીકાળવાનું કાર્ય અને જેનું ભાગ્ય ટૂંકું હોય, એના મોઢામાંથી "૧૦ સોનામહોર' નીકાળવાનું કાર્ય ઇશાનેન્દ્રનું છે. એટલે મેં ઇશાનેન્દ્રને ***CONVEYER*** ની ઉપમા આપી છે. ભાગ્ય અનુસારે પોતાની ઇચ્છા પ્રભુને વ્યક્ત કરવાનું માધ્યમ ઇશાનેન્દ્ર છે.

વ્યક્તિના ભાગ્ય અનુસારે શબ્દો દ્વારા ઇશાનેન્દ્ર એની ઇચ્છા ***CONVEY*** કરે.

અને એટલે જ **"સમય સે પહલે ઔર ભાગ્ય સે જ્યાદા કિસી કો કુછ નહીં મિલતા'** એ દુનિયાના નિયમને તોડવા માટે કે બદલવા માટે ત્રણ લોકના નાથ, અનન્ત કરુણાનિધાન પ્રભુ પણ સમર્થ નથી – કર્મ સામે પ્રભુનું પણ કંઈ ચાલતું નથી.

**Speciality –૩ – ચમર – બલિ – ઇન્દ્ર (ભુવનપતિ–અસુરકુમાર ઇન્દ્ર)**

પોતાના ભાગ્ય પ્રમાણે પ્રભુ સામે વ્યક્તિ પોતાની માંગણી તો મૂકી દે, પણ આટલા બધા યાચકો અને પ્રભુનું પ્રવર કરુણા ગુણ પ્રભુના હાથને રોકી શકે નહીં. પ્રભુ તો પોતાના બન્ને હાથોમાં જેટલાં સોનામહોર આવે, એટલાં ઉપાડી લે.

ત્યાં સોનામહોરોને ગણવાનો સમય કે ગણવાની ભાવના બે માંથી એકેય પ્રભુ પાસે હોતી નથી. પ્રભુ તો હાથ ઉંચકે સર્વદરિદ્રતાના નાશ માટે, પણ સામેવાળાનું ભાગ્ય આળું આવી જાય.

**ભવનપતિના અસુરકુમાર જાતિના દેવોના ચમરેન્દ્ર** તથા બલીન્દ્રોનું કામ **C.A.**નું છે. પ્રભુના અને એ વ્યક્તિના **C.A.** આ બે ઇન્દ્રો છે. વ્યક્તિએ ઉચ્ચારેલા વચનો પ્રમાણે પ્રભુના હાથમાં રહેલાં સોનામહોરોમાં વધ–ઘટ કરવાનું કાર્ય આ બે ઇન્દ્રોનું છે.

જો પ્રભુના હાથમાં માંગેલા કરતાં વધારે સોનામહોરો હોય, તો એને ઓછું કરવાનું કાર્ય અને માંગેલા કરતાં ઓછાં સોનામહોરો હોય, તો એને વધારવાનું કાર્ય આ બે ઇન્દ્રોનું છે.

આ બધી વસ્તુઓનું નિયમન એ રીતે કુદરતે કરેલું છે કે ભગવાનની

કરૂણાભાવનામાં પણ કોઈ જગ્યાએ **Compromise** ન થાય અને ભાગ્ય અનુસારે બધાને બધું પ્રાપ્ત થઈ જાય. નમો નમઃ કર્માય...

## Speciality-4- અન્ય ભુવનપતિ દેવો ?

આ દુનિયાનો એક સીધો સાદો નિયમ છે. જો કોઈપણ વ્યક્તિએ પોતાનો માલ વેચવો હોય, તો એ વ્યક્તિને એ માલની **Advertisement** સારી કરવી પડે. આપણે આજની દુનિયામાં જોઈએ જ છીએ કે જે વસ્તુની **Add** વધારે બતાવવામાં આવે, એ વસ્તુની ખપત એટલી વધારે થાય. એ વસ્તુમાં સાર હોય કે ન હોય એ બીજી વાત છે, પણ જો **Media** તમારી સાથે છે, તો કેવી પણ વસ્તુ ખપી જાય.

આ જ કાર્ય ભુવનપતિ દેવોનું છે. પ્રભુના **Media Manager** આ દેવો છે. "પ્રભુ દીક્ષા લે છે અને એટલે પ્રભુએ પોતાના ભંડાર ખોલી દીધાં છે...' આ વાત દરેક વ્યક્તિ સુધી, દરેક ગામડા સુધી પહોંચાડવાનું કાર્ય આ દેવોનું છે.

ભરતક્ષેત્રમાં ઉત્પન્ન થયેલા માનવો પ્રભુનું વરસીદાન લેવા માટે લાલાયિત થાય, "કંઈપણ થાય આ અવસર તો ચુકાય એવો નથી..." આવી ભાવના એ લોકોમાં ઉત્પન્ન થાય એ માટે ભુવનપતિ દેવો આકર્ષણ ક્રિયાને કરે અને ભુવનપતિ દેવોની માર્કેટીંગ એટલી તગડી હોય કે એક વરસ દરમ્યાન સવાર-સાંજ સુધી પ્રભુને દાન આપવું પડે એટલા લોકો ભરતક્ષેત્રમાંથી દોડતા દોડતા આવે.

## Speciality-5 – વાણવ્યંતર દેવો

આપણને કોઈ પણ જગ્યાએ ફરવા જવું હોય, તો આપણે કાં તો પોતે ટિકીટ કઢાવીએ, કાં તો કોઈ **Tours and Travels** વાળાને પકડીએ. **Tours** વાળાનું કામ એ હોય કે તમે જ્યાં જવા માંગો છો, ત્યાં તમને બધી સગવડતા કરી આપે. એટલે કે આવાસ-પ્રવાસનું કાર્ય કરી આપે.

જે વ્યક્તિઓ ભારત વર્ષમાંથી પ્રભુ પાસે વરસીદાન લેવા માટે આવે, એ વ્યક્તિઓના આવાસ-પ્રવાસની સંપૂર્ણ વ્યવસ્થા વાણવ્યંતર દેવો પાસે હોય છે. જે વ્યક્તિ પ્રભુ પાસે દાન લઈ લે, એને ફરીથી પોતાના સ્વસ્થાને છોડી આવવાનું કાર્ય આ દેવો કરે... કોઈપણ દુનિયાના ખંડમાંથી આવેલી વ્યક્તિને પળવારમાં ત્યાં વાણવ્યંતર દેવો પહોંચાડી દે.


આ કૃત્ય બહુ મહત્ત્વનું હોય છે કેમ કે કોઈ જગ્યાએ લક્ષ્ય માટે પહોંચી તો જઈએ, પણ ત્યાં પહોંચીને લક્ષ્યને પામ્યા પછી ફરીથી પોતાની જગ્યાએ જવામાં જો તકલીફો પડે, તો લોકોના રામ રમી જાય. અને એટલે જ પ્રભુના દાનની મહિમા વધારવા માટે અને પ્રભુના હાથે મળેલી વસ્તુના પ્રભાવને વ્યક્ત કરવા માટે આ દેવો મહત્ત્વનો **Transport Manager** નો રોલ સારી રીતે ભજવે છે.

## Speciality-6 – જ્યોતિષ દેવો

આ દુનિયાના એવા થોડા લોકો હોય છે કે જેમની પાસે હેરી પોર્ટર, એવેન્જર્સ આદિ મુવીમાં બતાવવામાં આવતાં સ્પેશિયલ પાવર્સ (શક્તિ) હોય છે. એ લોકોને **"વિદ્યાધર"** એટલે કે વિદ્યાઓ (શક્તિયોં) ને ધારણ કરનારા કહેવામાં આવે છે.

આ બધી વ્યક્તિઓ નોર્મલ માણસ કરતાં શક્તિમાં વધારે હોવાથી ***V.I.P.*** જેવી હોય છે અને એમના નગરોં, ગામો બધાં જુદા જ હોય છે અને સામાન્ય માણસોને એ નગરાદિ જોવા મળતા નથી.

આ વ્યક્તિઓને પણ પ્રભુના હાથે વરસીદાન લેવાની ભાવના હોય અને એટલે **V.I.P.** એવાં આ માનવોને પ્રભુના વરસીદાનનો સમય જણાવવાનું કાર્ય જ્યોતિષ દેવોનું હોય છે. આપણે આ જ્યોતિષ દેવોને **PRO = Public Relation Officer** ની પદવી આપી શકીએ, કેમકે **V.I.P.** જેવા વિદ્યાધરો સાથે કો–ઓર્ડીનેટ કરવાનું કાર્ય આ દેવો કરે છે.



## Q.8. બધું દેવોં કરે, તો પ્રભુના પિતા શું કરે?

ઘણા બધાને એવા પ્રશ્નો થાય કે "વરસીદાન પ્રભુ પાસેથી લેવા માટે, જેમ અત્યારે મુવીમાં જવા માટે અલગ-અલગ દરવાજાઓથી પસાર થવું પડે... એવું હોય છે કે સામે જ પ્રભુ બેઠા હોય અને વ્યક્તિ **Direct** દાન લઈ લે...?'

તો સ્પષ્ટીકરણ માટે... ઉપર બતાવેલા દેવોના કૃત્ય સિવાય પ્રભુના પિતા જો હાજર હોય તો આ વરસીદાનની વ્યવસ્થા રૂપે ભરતક્ષેત્રમાં ઉત્પન્ન થયેલી વ્યક્તિઓં માટે (દાન લેવા આવનાર) ત્રણ અલગ-અલગ એકદમ વિશાલ શાલાઓં (એક પ્રકારની ધર્મશાળા) કરાવડાવે..

ત્રણ શાલાઓમાં અલગ-અલગ વ્યવસ્થાઓં કરવામાં આવે છે.

આટલા દૂરથી દાન લેવા માટે આવેલી વ્યક્તિઓં થાકી જાય અને એ માટે ભોજનશાળાની વ્યવસ્થા કરવામાં આવે. સૌથી પહેલા, વ્યક્તિને ભોજનશાળામાં લઈ જવામાં આવે.

પછી એ વ્યક્તિને બીજી શાળામાં લઈ જવામાં આવે. અહીંયાં સ્નાનાદિની વ્યવસ્થા હોય છે. આ બીજી શાળા એમ તો વસ્ત્ર પરિધાનની શાળા છે, એટલે જ આપણે અનુમાન કરી જ શકીએ કે ગરીબ-અમીર જે કોઈ વ્યક્તિ અહીં આવે, એને સ્નાન કરાવીને પ્રભુના પિતા-ભાઈ તરફથી નવા કપડાની જોડ આપવામાં આવે.


કપડાના પરિધાન પછી એ વ્યક્તિને ત્રીજી શાળામાં લઈ જવામાં આવે કે જ્યાં એ વ્યક્તિને સુવર્ણ-રત્નાદિના અલંકારોથી મઢી દેવામાં આવે. ફક્ત કલ્પનાના સ્તર પર પણ વિચાર કરીએ તો આપણને ખ્યાલ આવી જશે કે પ્રભુ વરસીદાન એ અર્થીને આપે એ પહેલા જ એ વ્યક્તિ પ્રભુના પરિવારજનોના ઉપચારથી, એમના ઔચિત્યથી એટલો પ્રભાવિત થઈ ગયેલો હોય કે એ વ્યક્તિને પ્રભુ પાસે માંગવાની ઇચ્છા જ ન થાય.

પ્રભુના પરિવારજનોની એ ભક્તિ જ એ વ્યક્તિને પોતાના દારિદ્ર્યના સર્વનાશ માટે પૂરતી છે. અને એટલે જ" **અતિથિદેવો ભવ...**'ની વાત ભારતમાં

તો એનો સ્વરૂપ બદલાઈ જતો. ભારતના આ ઉન્નત ભક્તિના સંસ્કારો જ વ્યક્તિના મનની ગરીબાઈને સમાપ્ત કરી દેતા.

પ્રભુના પરિવારજનો પ્રભુ પાસે વરસીદાન લેવા આવનાર દરેક અર્થીને પોતાના પરિવારના સભ્ય તરીકે જ માનતાં, એ વાત આ ત્રણ શાળાની રચનાથી સ્પષ્ટ થઈ જાય છે. સર્વ–જીવ–કલ્યાણની ભાવનાના પ્રભાવરૂપે પ્રભુના પરિવારજનો પણ એ ભાવનાને અનુસારે **"વસુધૈવ કુટુમ્બકમ્..."**ની ભાવનામાં રમતાં.



# Q. 9. પ્રભુના દાનનો પ્રભાવ (Power) શું?

પ્રભુના દાનની સ્પેશિયાલીટી તો આપણે જોઈ ગયા, પણ પ્રભુના હાથ થી મળેલા દાનનો પ્રભાવ અચિન્ત્ય હોય છે. ઉપરની ૬ સ્પેશિયાલીટીમાં તો દેવોની મદદ કરવાની ભાવના, વ્યવસ્થા કરવાની ભાવનાના હિસાબે દેવકૃત સ્પેશિયાલીટી પણ કહેવાય, પણ પ્રભુના પ્રભાવમાં તો એમનાં મનમાં રહેલી ૫ મહાવ્રતની પવિત્રભાવના જ કારણભૂત છે.

## Power-1 - No War

કોન વરસીદાન લે? એ પ્રશ્નના ઉત્તર સ્વરૂપે આપણે જોઈ ગયા કે ૬૪ ઇન્દ્રોં સિવાય એકેય દેવ વરસીદાન ન લઈ શકે.

હવે આશ્ચર્ય આપણને એ વાતનું થાય કે ૬૪ ઇન્દ્રો કે જે કરોડો –અસંખ્ય દેવોના માલિક છે, જેમની સંપત્તિની કોઈ સમાપ્તિ નથી, જેમની સમૃદ્ધિ સામે આખો મનુષ્યલોક તુચ્છ ભાસે એવા ૬૪ ઇન્દ્રો શા માટે વરસીદાન લેતા હશે?

શાસ્ત્રકાર લખે છે...

પ્રભુના હાથેથી મળેલા સોનામહોરના પ્રભાવે ઇન્દ્રોમાં પરસ્પર ***WAR*** ની ભૂમિકા સર્જાય નહીં, ૨ સાગરોપમ વર્ષ સુધી ઇન્દ્રો પરસ્પર વગર યુદ્ધ કરે શાંતિથી જીવે.

**પ્રશ્ન : પ્રભુની દાઢાના પ્રભાવે પણ આ No War ની policy ઇન્દ્રોમાં દેખાય છે, શું સોનામહોરનો પણ એ પ્રભાવ છે? અને શું ઇન્દ્રોં પણ યુદ્ધ કરે?**

**સમાધાન :** તમારી વાત ૧૦૦% સાચી છે. આગમોમાં દાઢા માટે વર્ણન મળે છે, પણ સોનામહોરનો પણ એ પ્રભાવ હોય છે એવો ઉલ્લેખ અહીંયાં કરેલ છે. અને આ દુનિયામાં દેવો હોય કે માનવોં હોય, માન અને લોભ એવી વસ્તુ છે કે જે કોઈપણમાં– થી નીકળી શકતી નથી. જેમ અત્યારે આપણે **અમેરિકા, ચાઇના, રશિયાને ઝઘડતા** જોઈએ, એમ જ પ્રોપર્ટી, પત્ની, સમૃદ્ધિ માટે ઇન્દ્રોમાં પણ ઝઘડા

થાય અને એમના ઝઘડા ***HYDROGEN*** અને ***NUCLEAR*** બોમ્બના વિસ્ફોટ કરતાં પણ ખતરનાક થાય.

### **Power - 2 -** અક્ષય કોષ – **No** ક્ષય

પ્રભુના હાથેથી મળેલા સોનામહોરના પ્રભાવે જે ચક્રવર્તી જેવા માનવો હોય છે, એમનો ભંડાર ૧૨ વરસ સુધી ઓછો ન થાય. જેમ આજની દુનિયામાં એવી પ્રસિદ્ધિ છે કે જે વ્યક્તિ પાસે ગજમણિ હોય છે, એ વ્યક્તિની તિજોરી ક્યારેય ખુટે નહીં. એમ પ્રભુના હાથે મળેલા સોનામહોરના પ્રભાવે તિજોરી **12** વરસ સુધી ખુટે નહીં, એક પૈસો પણ ઓછો–વત્તો ન થાય.

આજની ભાષામાં કહી શકાય – પ્રભુના સોનામહોર એક એવું ઇન્વેસ્ટમેન્ટ છે કે જે તમને ક્યારેય ***LOSS*** તો ન જ આપે, પણ સતત તમારા બેન્કબેલેન્સને વધાર્યા કરે.

### **Power – ૩ – No** રોગ

પ્રભુના વરસીદાનમાં મળેલ સોનામહોરના પ્રભાવે રોગવાળી વ્યક્તિઓના શરીરમાં ૧૨ વરસ સુધી નવા રોગો ઉત્પન્ન ન થાય. એટલે કે સમજો તમે ૨૦૧૬ની સાલમાં પ્રભુના હાથે દાન લીધું હોય, તો ૨૦૨૮ સુધી તમને કોરોના, ***H1N1,*** મલેરિયા જેવા રોગો બિલ્કુલ પ્રભાવિત ન કરી શકે. તમારા માટે **Lockdown** ની જરૂરત ન પડે.

એટલે પ્રભાવરૂપે જોવા જોઈએ, તો ભૌતિકસ્તરે પ્રભુના દાનના પ્રભાવે ઝઘડો ન થાય, તિજોરી ન ખુટે અને નૂતનરોગો ઉત્પન્ન ન થાય. એટલે કે આર્થિક, સામાજિક અને શારીરિક સ્તરે સ્વસ્થતા લાવવાનો પ્રભાવ આ પ્રભુના દાનનો છે.

આધ્યાત્મિક પ્રભાવની વાત આપણે **Mahaveer V/s Gautam Buddha** આગળના વિષયમાં જોઈશું.



## || (G) || Mahaveer V/s Gautam Buddha ||

"एते हाटकराशयः प्रविततः शैलप्रतिस्पर्धिनो,
रत्नानां निचयाः स्फुरन्ति किरणैराक्रम्य भानोः प्रभाम् ।
द्वाराः पीवरमौक्तिकौघरचितास्ताराावलीभासुरा,
यानादाय निजानिव स्वगृहतः स्वैरं जनो गच्छति ।।"

ગૌતમ બુદ્ધના દાનનો વર્ણન કરતો આ શ્લોક બૌદ્ધગ્રન્થોમાં પ્રસિદ્ધ છે. અત્યારે ગૌતમ બુદ્ધ પર બનાવવામાં આવેલી વેબ-સીરિઝમાં પણ આ દાનનો ઉલ્લેખ કે દૃશ્ય લગભગ આવ્યો છે. આ ઉપરના શ્લોકમાં ગૌતમબુદ્ધે અસંખ્ય **(Un-countable)** દાન આપ્યું એમ બતાવવામાં આવ્યું છે. પર્વત જેટલું સોનું, સૂર્યને પણ ફિક્કો પાડી દે એટલા અને એવા રત્નો, તારાઓની પંક્તિ જેવા હારો ગૌતમબુદ્ધે જેને જેટલા જોઈએ એટલા લઈ જવા માટેની ઘોષણા કરાવેલી અને એટલે લોકોની એવી ભીડ ઉમટેલી કે અસંખ્ય-અસંખ્ય સોનામહોર આદિનું દાન ગૌતમબુદ્ધે કરેલું એવું કહેવાય છે.

બીજી બાજું પ્રભુ મહાવીર તો દરરોજ **Fix 1** કરોડ **8** લાખ સોનામહોરનું જ દાન કરતાં, તો વધારે પ્રભાવ ગૌતમબુદ્ધનો હતો, એ સ્પષ્ટ થઈ જાય છે. આર્થિકદૃષ્ટિએ પ્રભુ મહાવીર કરતાં ગૌતમબુદ્ધ કેટલાય ગણા આગળ હતાં, એ પણ સ્પષ્ટ છે.

તો શું તીર્થંકર કે જેમને દુનિયામાં સૌથી વધારે પ્રભાવશાળી કહેવામાં આવે છે.... એ વાત ખોટી છે?

આ વાતના સમાધાનરૂપે **અષ્ટક** પ્રકરણમાં ૧૪૪૪ ગ્રન્થોના રચયિતા ગ્રન્થકાર પ.પૂ.આ. **શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મ.સા.** ફરમાવે છે કે,

"સાચો પ્રભાવ કેટલું આપો એમાં નથી, પણ સામેવાળાને કેટલું મળે એમાં છે..."

પ્રભુ દાન આપે એના પહેલા આખા ભરતક્ષેત્રમાં "વરવરિકા" (જેને જે જેટલું જોઈએ છે, એ મળશે)ની ઘોષણા કરવામાં આવે છે. લોકો પણ ગમે તેટલી

પોતાની મનની ઇચ્છાઓ લઈને દાન લેવા માટે આવે છે.

એટલે કે પ્રભુની તૈયારી છે અને લોકો પણ તત્પર છે, એટલે,

પ્રભુમાં ઉદારતા ઓછી છે કે પ્રભુ પાસે પૈસા ઓછા છે એવી વાત નથી, પણ પ્રભુ પાસે આવેલી વ્યક્તિ અર્થીરૂપે (ભિખારીરૂપે, દાન લેનાર રૂપે) રહેતી જ નથી અને એટલે પ્રભુનું દાન ૧ કરોડ ૮ લાખ જ થાય છે.

તીર્થંકરના પ્રભાવથી વ્યક્તિમાંથી લાભનો લોભ જ નીકળી જાય છે, એટલે કે વ્યક્તિમાં સંતોષ નામના ગુણનો પ્રવેશ થાય છે. સંતોષ આવ્યા પછી વ્યક્તિની માંગવાની ઇચ્છા જ મરી જાય છે અને જે પછી પ્રભુદાન આપે, એ પણ એ અર્થીજનો પ્રભુના પ્રસાદરુપે પ્રસાદની માત્રામાં જ લે છે.

એક અર્થીને પોતાના કર્મો પ્રમાણે જેટલું દાન આપવું પડે (એના જીવન નિર્વાહાદિ માટે) એટલું જ દાન પ્રભુના હાથે અપાય, વધારે નહીં.

આ દુનિયામાં પ્રભાવશાળી વ્યક્તિ એ કહેવાય કે જે વ્યક્તિની ભૌતિક જરૂરિયાતો તો પૂરી કરે જ, પણ સાથે સાથે એની આધ્યાત્મિક જરૂરિયાત પણ પૂરી કરી દે.

પ્રભુ મહાવીરની મહાનુભાવતા વ્યક્તિને લાભ કરાવવામાં નહોતી, પણ વ્યક્તિમાંથી લોભ કઢાવવામાં હતી.

વધારે આપવાથી તો વ્યક્તિ હજી ગરીબ બને છે, જ્યારે થોડું આપીને વ્યક્તિમાંથી એ થોડાની પણ ઇચ્છા જ કાઢી નાખવાથી વ્યક્તિ અમીર બને છે.

પ્રભુ મહાવીર વ્યક્તિના વ્યક્તિત્વને બદલી દેતા કે જેથી એ વ્યક્તિમાંથી દીનતા જ નીકળી જતી અને એટલે સુખ શું? અને દુઃખ શું? એ વિશે નીતિશાસ્ત્રોમાં આવતો શ્લોક ખાસ સમજવા જેવો છે.

**सज्ज्ञानं परमं मित्र-मज्ञानं परमो रिपुः ।**
**सन्तोषः परमं सौख्यमाकाङ्क्षा दुःखमुत्तमम् ।।**

આ દુનિયામાં સાચા જ્ઞાન જેવો કોઈ મિત્ર નથી,
આ દુનિયામાં અજ્ઞાન જેવો કોઈ શત્રુ નથી,

આ દુનિયામાં સંતોષ જેવું કોઈ સુખ નથી,

આ દુનિયામાં આકાંક્ષા–ઇચ્છા જેવું કોઈ દુઃખ નથી...

પ્રભુ મહાવીરે લોકોની બાહ્ય અર્થિતાને જ ન મારી, પણ સાથે સાથે એમની અંદરની અર્થિતાને પણ મારી નાખી.

પ્રભુએ ભિખારીને અમીર ન બનાવ્યો, પણ પ્રભુએ ભિખારીને ભિખારી રૂપે જ મટાવી દીધો. સંતોષનું દાન આ દુનિયામાં બધાં દાન કરતાં સૌથી મોટું દાન છે, કેમકે એ દાન મળ્યા પછી બીજું કોઈ દાન લેવાની ઇચ્છા જ મરી જાય છે અને વ્યક્તિ લેનાર નહીં, દેનાર બની જાય છે.

પ્રભુએ એક સાચા શેઠનું કાર્ય કર્યું. નૌકરને નૌકરરૂપે મટાવીને શેઠ બનાવી દીધો અને એટલે જ આ દુનિયામાં સૌથી વધારે દાનીરૂપે બીજા કોઈનું નહીં પણ સંતોષનું દાન કરનાર પ્રભુ મહાવીરનું જ નામ ગવાય છે.

ફરીથી ભીખ જ ન માંગવી પડે, એવું દાન પ્રભુએ ભિખારીઓને કર્યું કે જેનાથી "ભિખારી" નું ***LABEL*** લાગવા છતાં, એ ભિખારી ગરીબ હશે, પણ એમાં ગરીબાઈ નહીં હોય.

ભૂખ્યાને ભોજન આપવા કરતાં એને ભૂખ જ ન લાગે એવી દવા પ્રભુએ આપી,

તરસ્યાને પાણી આપવા કરતાં એને તરસ જ ન લાગે એવી દવા પ્રભુએ આપી...

અને એટલે પ્રભુનું દાન એ સર્વોત્કૃષ્ટ દાનરૂપે ગવાયું કેમકે પોતાનામાં રહેલા ગુણનું દાન પ્રભુએ કર્યું અને એ છે – સંતોષ...



## (H) At last

"ગુરુજી ! ગોચરી માટે પધારો..." અમેરિકન જેવાં લાગતાં શિષ્યે પ્રભાવક મહાત્માને કહ્યું. મહાત્મા અને અમેરિકન યુવાનની આંખો ઉપાશ્રયમાં લટકાવેલી ઘડિયાળ તરફ ગઈ. **12.30** વાગી ગયા હતાં.

"તો...." પોતાની વાણી પર વિરામ મુકતાં પ્રભાવક મહાત્માએ કહ્યું.

અમેરિકન યુવાનના મોઢાં પર એક એવી અસ્મિતા દેખાઈ રહી હતી કે જે અમેરિકનના ***'FAST MONEY, ANY HOW MONEY'***ના કલ્ચરમાં શક્ય જ નહોતી. ભારતીય સંસ્કૃતિના ઉંડા મૂળિયાનું આરોપણ એ અમેરિકન યુવાનના મનમાં પ્રભુના વરસીદાનના અદ્ભુત તર્કસહ વર્ણનને સાંભળીને થઈ ગયું હતું.

અમેરિકન યુવાન ઊભો થયો અને જિંદગીમાં ક્યારેય નહીં નમનાર એ યુવાન મહાત્મા સામે નમ્યો. મહાત્મા એને જતાં જોતા રહ્યા. એની ચાલમાં પ્રભુ મહાવીરના વચનો વ્યક્ત થઈ રહ્યા હતા,

**"Don't Kill The Enemy, Kill The Enemity In Him...**
**Don't fill The Poor, Fill The Poverty In Him...""**



## (I) પરિશિષ્ટ –૧ – Current Amount of વરસીદાન

ઇલોન મસ્ક, જેફ બિસુઝ, અદાની, અંબાની, જેકમા, માર્ક ઝુકરબગ આદિ ઘણાં બધાં દુનિયાના સૌથી સમૃદ્ધિમાન વ્યક્તિઓના બેંકબેલેન્સ જોઈને આપણે બધાં ચોકી જઈએ છીએ.

"કેવી રીતે? કેટલું પુણ્ય?' આવા બધાં પ્રશ્નો સહજ રીતે આપણા મનમાં ઉદ્ભવે છે અને પૈસાના પૂજારી એવા લોકો "મને પણ આ મળે...'ના શેકચિલ્લીના સપના જોયા કરે છે.

પણ એની સામે પોતાને મળેલી અઢળક સંપત્તિને ક્ષણવારમાં લાત મારનારા પ્રભુ– તીર્થંકરો પૈસાની કિંમત કેટલી છે, એ આપણને બતાવી દે છે. લોકો પૈસાના પૂજારી છે અને પૈસો પુણ્યનો પૂજારી છે અને પુણ્ય પૈસાના ત્યાગીનો પૂજારી છે, એ વાત આપણને પ્રભુના જીવન પરથી વ્યક્ત થઈ જાય છે.

હવે આ પરિશિષ્ટમાં આપણને એ જોવાનું છે કે પ્રભુ દરરોજ અને એક વરસમાં કેટલું દાન આપતાં હતાં. આજે જ્યારે હું આ લખું છું ત્યારે સોનાનો ભાવ રૂપિયામાં ૫૧૫૦ ***PER*** ગ્રામ છે. એટલે ૧ સોનામહોર કે જે ૩૩.૩૩ ***GM***. ની છે (આપણે આ ***Q***.૩. સોનામહોર કેવી હોય? માં જોઈ ગયા એની કિંમત આ પ્રમાણે થાય.

**33.33 X 5150** = રૂ. **1,71,649.5** (એટલે ૧ સોનામહોરની કિંમત અંદાજથી એક લાખ એકોત્તેર હજાર, છસો પચાસ થાય, અંગ્રેજી **1 lakh 71 thousand 649.5**)

આ રીતે દિવસમાં પ્રભુ એક કરોડ, આઠ લાખ સોનામહોરો આપે, એની કિંમત,

**171,650 x 1,08,00,000 = 18,53,82,00,00,000** (એટલે કે એક લાખ, પંચ્યાસી હજાર, ત્રણસો બ્યાસી કરોડ થાય, અંગ્રેજીમાં ૧

**lakh, 85 thousand, 382 crore)**

અને આખા વરસનું ગણવા જઈએ તો,

**18,53,82,00,000,000 X 360 = 66,73,75, 20,00, 00,000** (એટલે કે છ કરોડ, સડસઠ લાખ, સાડત્રીશ હજાર, પાંચસો વીસ કરોડ થાય, અંગ્રેજીમાં **6 crore, 67 lakh, 37 thousand, 520** ***CRORE***)

આ ઉપરના આંકડાઓ ફક્ત એક અંદાજ માટે બતાવવામાં આવ્યા છે અને પ્રભુની દાનવીરતા + ઉદારતા ના પરિચય માટે છે.

આજના ***WORLD*** ના સૌથી પૈસાદાર માણસ તરીકે ઇલોન મસ્કનું નામ આવે છે કે જેની ***"FORBES"*** વેબસાઈટ પ્રમાણે વેલ્યુ ***253*** બિલીયન ડોલર છે.

જ્યારે પ્રભુ તો ફક્ત એક દિવસમાં અંદાજે ***24.6*** બિલીયન ડોલરનું દાન આપતાં હતાં અને વરસમાં તો પ્રભુએ ૮,૮૫૭.૦૧ બિલીયન ડોલરનું દાન આપ્યું હતું. એટલે કે ભારતની ***G.D.P.*** અત્યારે ૩.૨૫ ત્રિલીયન ડોલરની છે, એના કરતાં અઢી ત્રણ ગણુ વધારે દાન પ્રભુએ ૧ વરસમાં આપેલું એટલે કે અંદાજે ૮.૮૫૭ ત્રિલીયન ડોલરનું દાન કરેલું.

અને એટલે જ આપણને ખ્યાલ આવે કે કેમ ભારતને **"સોને કી ચિડીચા"**ની ઉપમા આપવામાં આવેલી. અહીં એક-એક રજવાડા પાસે પણ આટલી સમૃદ્ધિ હતી. આ આંકડાઓ બીજા કશા માટે નહીં, પરંતુ પ્રભુની સમૃદ્ધિની (બાહ્ય) અને સમૃદ્ધિ (આંતરિક-દાનવીરતાની) બતાવવા માટે લખ્યાં છે. પરિગ્રહ ત્યાગની ભાવના આ વાંચીને થાય એવી ભાવના !



अथ वार्षिकदानविधिमाह -

ततो दीक्षादिनादर्वाग्वर्षशेषे जिनाधिपाः ।
दानं धर्ममुखं मत्वा, दानं ददति वार्षिकम् ।।२९२ ।।

स्पष्ट : । दानवितरणप्रकारस्त्वयम् - यदा प्रभुर्वार्षिकं दानं दातुमध्यवसति तदासनप्रकम्पेनावधिना शक्रो जानाति-त्रिकालोद्भववज्रिणां जीतमेवेदं यदर्हतः प्रव्रज्यावसरे वार्षिकदानाय त्रिशतकोट्योऽष्टाशीतिकोट्योऽशीतिलक्षाः सौवर्णिका ढौक्याः। एवं निश्चित्य धनदमाज्ञापयति । ततस्ते जृम्भकामरा जिनगृहे पूर्वोक्तं स्वं निक्षिपन्ति । अत्र वृद्धमुखेभ्य इत्थमपि श्रुतं, तद्यथा-अशीतिरतिभिर्निष्पन्न एकः सौवर्णिकः स्यात्तन्मध्ये स्वनाम पितुर्नाम च भवति । एकवासरस्य दानस्य सौवर्णिकानां स्वर्णं नवसहस्रमणमितं स्यात्, चत्वारिंशता मणैरेकं शकटं भ्रियते, एवमेतादृशानि शकटानि पञ्चविंशत्यधिकशतद्वयं भवन्ति। प्रत्यहं सौवर्णिकानामेका कोटिरष्टौ लक्षाश्च दीयन्ते । सर्वान् वार्षिकदानयोग्यान् सौवर्णिकानिन्द्रादेशेन वैश्रमणदेवा अष्टसु समयेषु मध्ये निष्पाद्य तीर्थकरगृहे स्थापयन्ति । तद्दानस्य षडतिशयाः, तथाहि-प्रभोर्हस्ते सौधर्मेशः स्थितिं विदधाति, यद्दानं ददत् प्रभुर्न श्रममेति इति भक्तिबुद्धया, परं जिनस्त्वनन्तेन्द्रबलसमन्वितोऽ-


स्ति १। ईशानेन्द्रस्तु सुवर्णयष्टिं करे धृत्वा ऊर्ध्वं तिष्ठति चतुःषष्टीन्द्रवर्जान्यदेवानां दानं गृह्णतां निषेधयति । तथा यादृशं ग्राहकनरभाग्यं तादृशीं तन्नरमुखेभ्यो वाक्योच्चारतां(णां) कारयति २ । चमरेन्द्रबलीन्द्रौ प्रभुमुष्टिगतसौवर्णिकान् दानग्राहकनरवाञ्छितानुसारेण न्यूनाधिकान् कुरुतः, यदि तन्नरेप्सितेभ्योऽधिकास्ते स्युस्तदा न्यूनीकुरुतः, यदि च न्यूना मुष्टिमध्ये समेतास्तदा तन्नरवाञ्छितानुसारेणाधिकान् कुर्वाते ३। अन्ये भुवनपतयो भरतोत्पन्नमनुष्याणां दानग्रहणार्थमा - कर्षणक्रियां कुर्वन्ति ४ । वाणव्यन्तरसुरास्तान् पश्चातब स्वस्थाने स्थापयन्ति ५। ज्योतिषिका विद्याधराणां दानसमयं ज्ञापयन्ति ६। तस्मिन् प्रस्तावे तीर्थंकरस्य पिता तिस्त्रो महत्यः शालाः कारयति, एकस्यां शालायां भरतजातनराणामन्नादीन् दापयति, द्वितीयस्यां वस्त्राणि, तृतीयस्यामाभरणानि च । चतुःषष्टीन्द्राणां दानग्रहणमहिम्ना परस्परं द्वावब्धी यावत् कलहो नोत्पद्यते । चक्रवर्तिनराणां सौवर्णिकप्रभावेण कोशस्तु द्वादश वर्षाणि यावदक्षयः स्यात् । सरोगिणां द्वादश वर्षाणि यावन्नूतनरोगा नोत्पद्यन्ते इति । तथा सर्वत्रोद्धोषणां यथेप्सितं वरं वृणुत इति कारयति ।

**।। इति उपदेशप्रासादो ग्रन्थः।।**
**।। नमोऽस्तु तस्मै जिनशासनाय ।।**
**।।अर्हं नमः ।।**



# REFERENCES:-

(Worth Comparing: In Front Of Tirthankars They are Nothing)






**1. ELON MUSK**
**($253.7B)**



**2. BERNARD ARNAULT**
**($157.8B)**



**3. JEFF BEZOS**
**($146.8B)**



**4. GAUTAM ADANI**
**($116.4B)**

# WORTH READING BOOKS



# VARSHIDA



# PRABHU

AN VIEW OF



MAHAVEER

અંતે....

૧.આપને આ પુસ્તક વાંચતા જરૂર આનંદ આવ્યો હશે...

૨.એ આનંદ આત્માના ગુણોનો એક અદ્ભુત સ્પર્શ છે...

અને એટલે

૩.જો તમારે આવો સ્પર્શ બીજાઓને પણ કરાવવો હોય, તો જરૂર એક કાર્ય કરવા જેવું ખરું...

૪.પોતાની શક્તિ મુજબ ₹ **1** થી માંડીને જેટલી તમારી શક્તિ + ભાવના હોય એટલો લાભ

**Google Pay/Paytm** કે એવા કોઈપણ બીજા **UPI Payment** ના માદ્યમ દ્વારા તમે નીચે આપેલો **Qr COde Scan** કરીને લઇ શકો છો...

આપે પેમેન્ટ કરેલ **Screenshot**

શ્રી પ્રતિકભાઇને મો. **93232 29655** પર **Whatsapp** કરી આપવા વિનંતી.

તમારા ઉપર કોઈ ફોર્સ નથી, પણ એક પ્રેરણા છે

જે સ્વના કૃતજ્ઞતા ગુણને પ્રગટ કરવા માટે સક્ષમ છે.

જો તમારે અમુક ૫૦૦ + નકલોનો લાભ લેવો અને પોતાની કૃતજ્ઞતા માતા-પિતા પ્રત્યે કે એવા કોઈ પણ વ્યક્તિ પ્રત્યે વ્યક્ત કરવી હોય,

તો નીચે આપેલ નંબરો પર સંપર્ક સાધી શકો છો.

શ્રી પ્રતિકભાઇ મો. 93232 29655

શ્રી નીતિનભાઇ મો. 97898 85922

**Bank Details :**

**Tapovan Sanskar Foundation A/c No : 5745410671**

**Kotak Mahindra Bank, Vastrapur Branch |**

**IFSC : KKBK0002573**